# ગ્રોફ્રુગલ એમએસએમઈ રિટેલ સેક્ટર માટે સહયોગાત્મક વેપાર માટે સજ્જ

ભારતી સૌથી ઝડપથી વિકસતી ક્લાઉટ ઈઆરપી કંપની GOFRUGAL આજે રિટેલ, રેસ્ટોરન્ટ અને વિતરણ અને બિઝનેસીસ માટે અનુક્રમે RetailEasy, ServeEasy, સહિતની પ્રોડક્ટના ઈઝી સ્યુટ ને લોન્ચ કરવાની જાહેરાત કરી છે. રિટેલર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી કુમાર રાજાગોપાલને પરંપરાગત રિટેલ ઉદ્યોગ માટે AI અને ML જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને કંપનીનો સૌપ્રથમ એક્સપેરિમેન્ટલ ડિજીટલ સ્ટોર લોન્ચ કર્યો હતો.

ડિજિટલ સ્ટોરનું અનાવરણ કરતા રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ શ્રી રાજાગોપાલાને જણાવ્યું હતું કે, આધુનિક વેપાર સાથે સહ-અસ્તિત્વ ધરાવતું પરંપરાગત રિટેલ માર્કેટ, આધુનિક અને જીવંત દેખાવા માટે એક ઓળખ પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. જો કે, ટેક્નોલોજી તેમને અપનાવવા માટે ક્યારેય સસ્તી અથવા યૂઝર ફ્રેન્ડલી રહી નથી.

રિટેલ બિઝનેસ એક હલચલો સાથે ટોચ પર છે ત્યારે રેસ્ટોરન્ટ ઉદ્યોગ ઝડપથી એડવાન્સીંગ ટેકનોલોજી સાથે તાલ મિલાવી રહ્યો છે. પરંપરાગત રેસ્ટોરન્ટ્સ ક્લાઉડ કિચન અને ઓનલાઈન ડિલીવરી પ્લેટફોર્મ્સ સાથે ગ્રાહકોની વર્તણૂકમાં પરિવર્તન અનુભવી રહ્યો છે.

આ સંક્રમણ દરમિયાન, પરંપરાગત એમએસએમઈ રિટેલ અને રેસ્ટોરન્ટ બિઝનેસીસ યોગ્ય ઉકેલોની રચના, મૂલ્યાંકન અને પસંદ કરવા માટેના પડકારોનો સામનો કરે છે. તેઓને કન્સલ્ટન્ટ પોસાય તેમ નથી કે પરિણામ જાણ્યા વિના સાબિત વૈશ્વિક સોલ્યુશન પ્રદાતાઓ પાસે જઈ શકે તેમ નથી.

GOFRUGAL ઈકોસિસ્ટમ સાથે સહયોગ માટે નજીકના નાના સ્ટોર્સ અને રેસ્ટોરન્ટ્સને સશક્ત બનાવવાનો નિર્ધાર સેવે છે જે બજારના વિસ્તરણ અને મોટા ગ્રાહક સંપાદન પર ધ્યાન કેન્દ્રિત કરશે.

ફક્ત ફિઝીકલ સ્ટોર્સના માલિકોને ખ્યાલ છે કે તેઓ વર્તમાન ડિજિટલ યુગમાં અપ્રચલિત રહેશે. તેઓ બધા તેમની પસંદગીની (ઓમનીચેનલ) ચેનલોમાં તેમના ગ્રાહકોને સેવા આપવા અને તે સાકાર કરવા માટે ઉત્સુક છે, તે યોગ્ય ટેકનલોજી ભાગીદારની શોધમાં છે. અત્યંત સ્પર્ધાત્મક બજારમાં જીતવા માટે, એમએસએમઈને એક ઉકેલની જરૂર છે જે તેમને તેમના બિઝનેસીસને ઓછામાં ઓછી કુશળતા, ન્યૂનતમ સ્ટાફ, ૧૦૦% ચોકસાઈ અને વિશ્વસનીયતા સાથે ચલાવવામાં મદદ કરશે.